BRAMPTON Flower City brampton.ca

media release

13 ઑગસ્ટ 2018

## સપ્ટેમ્બરમાં સેવામાં થનાર સુધારા:
## ઝૂમ (Züm) બોવિઅર્ડ એક્સ્ટેન્શન (Bovaird extension) અને બાળકો માટે ઘટાડેલ ભાડું

બ્રૅમ્પટન, ઑન્ટારિયો – બ્રૅમ્પ્ટન ટ્રાન્ઝિટ સવારીઓને તેમના ગંતવ્ય સ્થળો પર સુરક્ષિત રીતે, સમયસર અને આરામદાયક રીતે પહોંચાડવા માટે પ્રતિબદ્ધ છે. 4થી સપ્ટેમ્બરથી આરંભ થતા અમારી સેવામાં થનાર સુધારામાં સામેલ છે ઝૂમ બોવિઅર્ડ એક્સ્ટેન્શન અને બાળકો માટે ઘટાડેલ PRESTO ભાડું.

**મુખ્ય મુદ્દાઓ:**

- **નવું** 505 ઝૂમ (Züm) બોવિઅર્ડ એરપોર્ટ રોડ એક્સ્ટેન્શન મૅલ્ટન (Malton) GO સ્ટેશન (Station) સુધી
- માઉન્ટ પ્લેસન્ટ વિલેજ (Mount Pleasant Village)ના પૂર્વમાં **નવો** 27 રોબર્ટ પાર્કિન્સન (Robert Parkinson) રૂટ
- બ્રૅમ્પટન ગેટવે ટર્મિનલથી (Brampton Gateway Terminal) **નવો** 54 કાઉન્ટી કોર્ટ (County Court) રૂટ
- બ્રૅમ્પટન ગેટવે ટર્મિનલથી (Brampton Gateway Terminal) **નવો** 56 કિંગ નૉલ (King Knoll) રૂટ
- 501 ઝૂમ ક્વિન (Züm Queen) હવે વૉન મેટ્રોપોલિટન રૅપિડવે સ્ટેશન (Vaughan Metropolitan Centre Rapidway Station) પર TTC સબવે સાથેના સીધા જોડાણો સાથે સમાપ્ત થશે. આ રૂટ હવે પછી યૉર્ક યુનિવર્સિટી (York University) સુધી જશે નહીં.
  - 501A/C ઝૂમ ક્વિન વધારાના કલાકો ઉમેરીને યૉર્ક યુનિવર્સિટી (York University) સુધી સેવા આપવાનું ચાલુ રાખશે

6 અને 12 વર્ષ વચ્ચેની વયના બાળકો માટે PRESTO ભાડું ઘટાડવામાં આવશે:

| ભાડાના વર્ગ | વર્તમાન ભાડું | સપ્ટેમ્બર 3 |
|---|---|---|
| **સફર દીઠ** | $2.50 | $2.00 |
| **સાપ્તાહિક પાસ** | $27.00 | $22.00 |
| **માસિક પાસ** | $105.00 | $84.00 |

સપ્ટેમ્બર 4ના દિનથી અન્ય રૂટ પર પણ ઘણા બધા ફેરફારોનો આરંભ થશે. સંપૂર્ણ અપડેટ્સ અહીં bramptontransit.com પર તેમજ બ્રૅમ્પટન ટ્રાન્ઝિટના રીડ એન્ડ રાઇડ ( *Read & Ride* ) ના પ્રકાશિત નવા અંકમાં ઉપલબ્ધ છે.

બ્રૅમ્પટન ટ્રાન્ઝિટ (Brampton Transit)નો ગ્રાહક અધિકાર-પત્ર (Customer Charter) 2018 સર્વિસ પ્લાન અમલી બનાવવા માટે પ્રતિબદ્ધ છે જેમાં 65,000 સેવા કલાકો ઉમેરવાનો સમાવેશ થાય છે – આ પૈકી મોટા ભાગના કલાકો સપ્ટેમ્બર સેવા ફેરફારોનો ભાગ છે.

ગ્રાહક અધિકાર-પત્ર (Customer Charter) વિશે વધુ જાણકારી bramptontransit.comપર મેળવો, અથવા brampton.ca/citydashboardપર ઓન-ટાઇમ કામગીરીની કેવી પ્રગતિ થઈ રહી છે તે વિશે જાણો.

-30-

**બ્રૅમ્પટન વિશાળ આયોજનો વિષે વિચારે છે.** અમે તીક્ષ્ણ ફોક્સ ધરાવતું ભવિષ્ય માટે તૈયાર સંગઠન છીએ. અમે જાણીએ છીએ કે આપણા સમુદાયની વૃદ્ધિ, યુવાની અને વૈવિધ્ય આપણને અલગ ઓળખ પ્રદાન કરે છે. અમે કૅનેડાના ઈનોવેશન સૂપર કૉરિડોર ખાતે સ્થિત છીએ જ્યાં રોકાણોને પ્રોત્સાહિત કરીએ છીએ અને વૈશ્વિક સ્તરે અમારી સફળતામાં વૃદ્ધિ કરી રહ્યા છીએ. અમે બનાવી રહ્યા છીએ એવા ગતિશીલ શહેરી કેન્દ્રો જે તકોનો તણખો ચાંપે છે અને અહીં કામ કરતા લોકોમાં ગૌરવની લાગણીનો સંચાર કરે છે. અમે બ્રૅમ્પ્ટનને આગળ ધપાવી રહ્યા છીએ જેથી તે એક જોડાણ ધરાવતું શહેર બને જે પ્રવર્તનાત્મક, વ્યાપક અને સાહસિક હોય. અમને Twitter અને Facebook પર ફોલો કરો. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.